Letter No: SJED/0270/05/2024 Dt: 18-05-2024

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની જોગવાઇના પ્રથમ હપ્તા પેટે ૩.૨૪.૫૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

सत्यमेव जयते

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:**SJED/MISC/e-file/17/2024/1029/A-1**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧)આ વિભાગનો તા.૧૧/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:SJED/BEM/e-file/17/2023/3374/B.

(૨)આ વિભાગનો તા.૭/૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:SJED/GVV/e-file/17/2023/3261/A.

(3)સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૩/૦૪/૨૦૨૪નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૪૩-૪૪.

<u>આમુખ:-</u>

ઉપર વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૧)થી સને ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જેમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે ૩.૯૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટનો સમાવેશ થાય છે. ઉપર વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૨)થી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમમાં હિસાબી અધિકારી(વર્ગ-૨)ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા માટે ૩.૮.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉપર વંચાણે લીધાં ક્રમાંક (3) ના પત્રથી ઉક્ત નિગમ માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ કુલ ૩.૯૮.૦૦ લાખની ગ્રાન્ટમાંથી ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે ૩.૨૪.૫૦ લાખ મંજુર કરવાની અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ ૩.૯૮.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે ૩.૨૪.૫૦ લાખ (અંકે રૂપિયા ચોવીસ લાખ પચાસ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રીના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(3) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-May-2024 (04:21 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) સાધાન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબા ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન રહીને અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ અને પેટા સદર: ૨૦ ડિએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધરાવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૭/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-May-2024 (04:21 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Letter No: SJED/0270/05/2024 Dt: 18-05-2024

નકલ રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સેકશન અધિકારીશ્રી (બજેટ/કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સિલેકટ ફાઇલ.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-May-2024 (04:21 PM)

File No: SJED/MISC/e-file/17/2024/1029/A-1 Section
Approved By: Joint Secretary,A-1 Section,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*